# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પોસ્ટ બોક્સ નંબર: ૧૦
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિશન ગ્રેડ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૬૭/૬૮; ઈ-મેલ: academic_spu@spuvvn.edu; વેબસાઇટ: www.spuvvn.edu


નં. ડી/2026-27/ 1154

એકેડેમિક વિભાગ
તારીખ: 21/05/2026

પ્રતિ,
આચાર્યશ્રી/વડાશ્રી/ડાયરેક્ટરશ્રી
યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટિટ્યુટસ
સરદાર પટેલ યુનિવર્સિટી

પ્રતિ,
વડાશ્રીઓ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો
સરદાર પટેલ યુનિવર્સિટી

**વિષયઃ એનરોલમેન્ટ/માર્કશીટના નામમાં ભૂલ બાબત.**

આથી સંબંધકર્તા સર્વે યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/સંલગ્ન ઇન્સ્ટીટયુશનોના નિયામકશ્રીઓને ઉપરોકત વિષયના અનુસંધાનમાં શૈક્ષણિક વર્ષ-2026-27 થી GCAS હેઠળ પ્રવેશ મેળવેલ સ્નાતક કક્ષાએ (All U.G.) ધોરણ-12 પછી તેમજ અનુસ્નાતક સ્નાતક કક્ષાએ (All P.G.) અભ્યાસક્રમ આર્ટસ, સાયન્સ, કોમર્સ, કોમ્પ્યુટર સાયન્સ, સમાજકાર્ય અને આઇટી ક્ષેત્રના અભ્યાસક્રમ વગેરે ACPC/Central Admission Council પોર્ટલ દ્વારા-B.Homoeopathic/M.D./B.Sc.(Nursing)/ B.Physiotherapy/B.Optometry/B.Architecture પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન વખતે નિયત કરેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફી સહિત યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં જયારે હાર્ડ કોપી સહિત જમાં કરાવવા આવો ત્યારે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના નામમાં/પિતાના નામમાં/અટકમાં રીપોર્ટમાં વિદ્યાર્થીઓ પાસેથી અક્ષરસહ ચકાસણી કરાવી તેમજ કોલેજ/વિભાગો દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન વખતે સચોટ મહિતીની ચકાસણી કર્યાબાદ કોઇપણ પ્રકારની ભૂલ નથી અને વિદ્યાર્થીની સહી મેળવી/વિદ્યાર્થીઓના નામમાં/પિતાના નામમાં/અટકમાં કોઇ જ પ્રકારની ભૂલ નથી, તેવી બાંહેધરી કોલેજના લેટર પેડ ઉપર નીચે દર્શાવેલ પ્રોફોર્મા મુજબ આપવાની રહેશે. ત્યાર બાદ જ યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં તેની કોપી જમાં કરાવવાની રહેશે.જો કોઇ વિદ્યાર્થીઓના નામમાં/પિતાના નામમાં/અટકમાં કોઇ જ પ્રકારની ભૂલ હશે તો તારીખ:30/04/2026 ની મંજૂર કાર્યાલય નોંધમાં થયેલ આદેશાનુસાર વિદ્યાર્થીદીઠ રૂ.50/- કોલેજ/વિભાગોએ ભરવાના રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

**ખાસ નોંધઃ** હાલ શૈક્ષણિક વર્ષ-2026-27 થી GCAS હેઠળ પ્રવેશ મેળવેલ તેમજ ACPC હેઠળ ઓફલાઇન પ્રવેશ મેળવતા હોય તેવી કોલેજો/વિભાગોએ વિદ્યાર્થીની ધોરણ–12 ની માર્કશીટ મુજબ અક્ષરસહ ખાસ ચકાસણી કરી વિદ્યાર્થીઓના નામમાં/પિતાના નામમાં/અટકમાં કોઇપણ પ્રકારની ભૂલ નથી તેવું બાંહેધરી પત્રક રજૂ કરવાનું રહેશે અને જો કોઇ વિદ્યાર્થીના નામમાં ભૂલ હશે. તો કોઇપણ પ્રકારની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

**બાંહેધરી પત્રક**

અમોએ શૈક્ષણિક વર્ષ ________ માં GCAS/ACPC હેઠળ ______________ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના નામમાં/પિતાના નામમાં/અટકમાં રીપોર્ટમાં વિદ્યાર્થીઓ પાસેથી અક્ષરસહ ચકાસણી કરાવી છે અને વિદ્યાર્થીની સહી મેળવી છે. જેમાં કોઇ જ પ્રકારની ભૂલ નથી, જેની યાદી આ સાથે સામેલ કરેલ છે.

કોલેજોના આચાર્યશ્રી/વિભાગના વડાની સહી/સિકકા

21/5/26

કા. કુલસચિવ